# મહે.એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.પેટલાદ

ફોજદારી કેસ નં. ૩૦/૨૦૨૫
આંક–

**ફરીયાદી** : શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી** : જશવંતભાઈ ચુનીભાઈ વાળંદ.
રહે.પાળજ ઓઝાની ખડકી,
તા.પેટલાદ. જી.આણંદ.

## ચુકાદો

(૧). આ કામે આરોપી વિરુધ્ધ બી.એન.એસ.કલમ–૨૨૩ મુજબના ગુન્હાનું હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨). આજરોજ સદર કામ રાષ્ટ્રીય લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગમાં આજ રોજ બોર્ડ ઉપર લેવામાં આવેલ છે. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીને સજા અંગેની સમજ આપવા છતાં આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ આપી સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ રાખે છે અને પોતે ગરીબ અને બાળ બચ્ચાવાળા માણસ હોય દયા રાખવાનું જણાવે છે, આથી આ કામે આરોપીને સજા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

(૩). આમ, આ કેસની હકીકત આરોપીના આર્થીક સંજોગો તથા તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિ.નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯) માં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયના વિશાળ હેતુ જળવાઈ રહે તેમ છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતા હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## **<u>હુકમ</u>**

(૧). આ કામના આરોપીને તેઓની વિરુધ્ધના બી.એન.એસ.કલમ–૨૨૩ મુજબના ગુનાસબબ બી.એન.એસ.૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી રૂ.**૨૦૦**/– (અંકે રૂપિયા **બસો** પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

પેટલાદ
તા. ૧૪/૦૩/૨૦૨૬

( એ.જે.વાસુ)
બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.,
પેટલાદ
જીજે૦૧૩૯૭